સત્યમેવ જયતે
ભારત સરકાર

# કૃષિ કાયદો ૨૦૨૦ - ખેડુતો માટે અભિનવ પહેલ

## કૃષિ કાયદામાં સુધારાની આવશ્યકતા :

- આર્થીક ઉદારીકરણ છતાં કૃષિ અને અન્ય ક્ષેત્રો વચ્ચે અસમાનતા
- ઉંચા બજાર ખર્ચ અને અસંગઠિત તથા અપર્યાપ્ત બજાર
- અપૂરતી માળખાકિય અને ધિરાણ સુવિધાઓ
- ખેડુતોને મળતી માહિતીમાં ભિન્નતા
- લાયસન્સ મેળવવા પર નિયંત્રણ

## ખેડુત ઉત્પાદનનો વેપાર અને વાણિજ્ય (સશક્તિકરણ અને સુવિધા)અધિનયમ,૨૦૨૦

- ખેડુતોને પોતાના કૃષિ ઉત્પાદનને યોગ્ય કિંમતે પસંદગીનાં સ્થળે વેચવા અને ખરીદવાની સ્વતંત્રતા
- એપીએમસીનાં ભૌતિક પરિસરની બહાર કાર્યક્ષમ,પારદર્શક અને અવરોધમુક્ત રાજ્ય અને આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય
- એપીએમસી કાર્યરત રહેશે : કાયદો ખેડુતોને વધારાની બજાર વ્યવસ્થાઓ પ્રદાન કરે છે

**ટેકાનાં ભાવ (ન્યુનત્તમ બજારભાવ) પર કોઈ અસર નહિં**

- ખેડુતોને ચુકવણી તે જ દિવસે અથવા જ્યાં કોઈ કાર્યવાહી ની જરूર હોય ત્યાં ત્રણ (૩) કાર્યકારી દિવસની અંદર કરવી જરूરી
- કોઈપણ માધ્યમ દ્વારા ઓન-લાઈન વેપારની પરવાનગી

**ખાતરીપૂર્વકનાં ભાવ અને ખેત સેવા અધિનયમ, ૨૦૨૦ ઉપર ખેડુતો (સશક્તિકરણ અને સુરક્ષા)નો કરાર:**

- ખેડુતો અને પ્રાયોજકો વચ્ચે કૃષિ ઉત્પાદનની ખરીદ અને કૃષિ સેવાઓનાં પ્રાવધાનના કરાર માટે કાયદાકીય માળખુ પાકની કાપણી પહેલા તૈયાર થશે
- આદર્શ કૃષિ કરાર માટે કેન્દ્ર સરકાર દ્વારા માર્ગદર્શિકા
- કૃષિ ઉત્પાદનની કિંમતનો કરારમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવશે
- ખેડુતો અને ખરીદારો બન્નેના અધિકારોની સુરક્ષા માટે સ્પષ્ટ નિર્દેશીત સમાધાન તંત્ર

**આવશ્યક વસ્તુ (સુધારો)અધિનિયમ, ૨૦૨૦**

આ અધિનિયમ માત્ર કોઈ અસાધારણ પરિસ્થિતીમાં જ લાગુ પડે છે

- યુધ્ધ
- દુષ્કાળ
- અસાધારણ ભાવ વધારો
- કુદરતી આપદા

પુરવઠાની સીમા માત્ર ભાવ વધારા પર જ આધારીત રહેશે. એ માત્ર ત્યારે જ લાગુ પાડી શકાશે કે જ્યારે બાગાયતી ઉત્પાદનોની છુટક કિંમતમાં ૧૦૦% નો વધારો થાય અને બગાડ ના થાય તેવા ઉત્પાદનોની છુટક કિંમતમાં ૫૦% નો વધારો થાય.

**કૃષિ કાયદામાં સુધારાનાં લાભ:**

- એક જ એકિકૃત બજાર
- ખેડુત જેને પણ ઉત્પાદન વેચવા ઈચ્છે તેને તથા જ્યાં વેચવા ઈચ્છે ત્યાં ઉત્પાદન વેચી શકે તેની સ્વતંત્રતા
- કૃષિ ઉત્પાદન બજાર સમીતી તથા ઉત્પાદક સંઘોનાં એકાધિકારનો અંત
- ટેકાનાં બજાર ભાવ(ન્યુનત્તમ બજાર ભાવ) દ્વારા ખેડુતોને સુરક્ષા પ્રદાન કરવાનું કાર્ય ચાલુ રહેશે
- ખેડુતોના અધિકારોની સુરક્ષા માટે કાયદાકીય માળખાની જોગવાઈ
- બજાર શુલ્ક, કર વગેરેમાં ઘટાડો તથા સારા બજાર ભાવનું નિર્ધારણ
- ખેતરો સુધી બુનિયાદી માળખાનો વિકાસ
- કરાર આધારીત ખેતી દ્વારા ખેડુતોને યોગ્ય વળતરની ખાતરી અને ફુડ પ્રોસેસીંગ (ખાધ પ્રસંસ્કરણ) ક્ષેત્ર સાથે અનુબંધિત વિકાસ

***“નાના અને સિમાંત ખેડુતો માટે પણ નફાકારક ખેતીની તકો”***

## કૃષિ કાયદામાં સુધારાનાં ફાયદા

| ક્રમ | કૃષિ કાયદામાં સુધારા પહેલા | કૃષિ કાયદામાં સુધારા પછી |
|---|---|---|
| ૧ | • અધિસુચિત કૃષિ ઉત્પાદન માત્ર કૃષિ ઉત્પાદન બજાર સમિતી (એપીએમસી)માં જ વેચી શકાય<br>• દલાલો-વચેટીયાઓ નો એકાધિકાર<br>• વ્યાપારીક સંગઠનો દ્વારા ઉત્પાદનનો બજારભાવ કૃત્રિમ રીતે નીચો રાખી શકાય | • કૃષિ ઉત્પાદન બજાર સમીતીમાં વેચવાની અથવા અન્ય વિક્રેતાને પસંદ કરવાની સ્વતંત્રતા<br>• પેદાશો વેચવાનાં ઘણા વિકલ્પો<br>• સ્પર્ધા દ્વારા વધુ સારા ભાવની પ્રાપ્તિ |
| ૨ | કૃષિ ઉત્પાદન એક વાર મંડળીમાં લાવ્યા બાદ જે ભાવ આપવામાં આવે તે ભાવ ખેડુતે સ્વીકારવો પડતો | પોતાના વિસ્તારમાં પણ ભાવ માટે વાટાઘાટો કરવાની સ્વતંત્રતા |
| ૩ | મંડળી શુલ્ક, ઉત્પાદકો અને ઉપભોક્તાઓ દ્વારા લગાવવામાં આવતુ કમીશન વગેરે ભોગવવું પડતુ | કોઈ શૂલ્ક નહિ, કોઈ કમિશન નહિ. ઉત્પાદકો અને ગ્રાહકોને વધારે બચત અને લાભ |
| ૪ | બજારભાવ ની વિશાળ અસમાનતા, અસંગઠિત બજારો તથા દલાલો/વચેટીયાઓની લાંબી શ્રુંખલા | ગ્રાહકોની ચુકવણીમાં ઉત્પાદકોનો મોટો હિસ્સો, ઉત્પાદનોનો ઓછો ખર્ચ તથા ન્યુનત્તમ અથવા કોઈપણ મધ્યસ્થી નહિ |
| ૫ | ખેત યુવાઓને ખેત ઉત્પાદનનો વેપાર/વાણિજ્ય કરવાની કોઈ તક નહિં | ગ્રામીણ કૃષિ યુવાનોને વ્યવસાય સાંકળ ચલાવવાની તક |
| ૬ | મધ્યસ્થીઓને બાજુ પર રાખી ઉત્પાદન સીધું ઉપભોક્તાઓને વેચવાની કોઈ તક નહિં | મધ્યસ્થીઓને છોડીને ઉચ્ચ કિંમત મેળવવા કોઈને પણ સિધુ વેચાણ કરી શકાય |
| ૭ | કૃષિ ઉત્પાદન બજાર સમીતીની બહાર ફળ અને શાકભાજી વેચવાની સ્વતંત્રતા ઘણા રાજ્યોમાં હતી | આ સ્વતંત્રતા બધી કૃષિ પેદાશો અને આખા દેશમાં લાગુ પડશે |
| ૮ | નાના જમીનધારકો પાસે ખરીદ અને વેચાણ બજારોમાં સોદાબાજી કરવાની ક્ષમતા નથી | આધુનિક બજાર, સેવાઓ અને સુરક્ષા સુધી પહોંચવા માટે સશક્ત બનાવવા. ખેડુત ઉત્પાદક સંસ્થા નાના ખેડુતોને સારા સોદાઓ માટે આયોજન કરવામાં મદદ કરશે |
| ૯ | કરાર આધારીત ખેતી માત્ર અમુક વિસ્તારો અને આધિકારીક તંત્રનાં નિયંત્રણ પુરતુ સીમીત છે | ખેડુતોને અનુકુળ શરતો પર કરાર, ખરીદદારો સાથેનાં કરારને આધારે ખેડુતો પુર્વ નિર્ધારીત ભાવો મેળવી શકશે |
| ૧૦ | ખેડુતો મુલ્ય સાંકળનો ભાગ નથી | ખેડુતો મુલ્ય સાંકળમાં ભાગીદાર બની શકશે |
| ૧૧ | મધ્યસ્થીઓની લાંબી સાંકળ અને ખરાબ સંચાલનને કારણે નિકાસ પ્રક્રિયા અસક્ષમ થઈ રહી છે | નિકાસની સ્પર્ધા વધશે અને ખેડુતોને લાભ થશે |

**ખેડુતો પાસેથી કૃષિ પેદાશોની ખરીદીમાં વૃધ્ધિઃ**

૨૦૦૯-૧૦ થી ૨૦૧૩-૧૪ની સરખામણીમાં પાછલા પાંચ વર્ષો દરમિયાન ન્યુનતમ સમર્થન મુલ્ય ચુકવણીમાં વૃધ્ધિ થઈ છે.

- અનાજ માટે ૨.૪ ગણા (રૂ. ૪.૯૫ લાખ કરોડ)
- દાળ માટે ૭૫ ગણા (રૂ. ૪૯,૦૦૦ કરોડ)
- તેલીબીયા માટે ૧૦ ગણા (રૂ. ૨૫,૦૦૦ કરોડ)
- ઘઉં માટે ૧.૭૭ ગણા (રૂ. ૨.૯૭ લાખ કરોડ)

**માન્યતા વિ. વાસ્તવિક્તા**

| માન્યતા | વાસ્તવિક્તા |
|---|---|
| કૃષિ સુધારણા કાયદાથી ખેડુતોને ફાયદો નહિ થાય | ખેડુતો પોતાના ખરીદદાર પસંદ કરી શકે છે અને ઉત્પાદનોની કિંમત પણ પસંદ કરી શકે છે |
| ખેડુતો માટે વિવાદનાં સમાધાનની કોઈ શક્યતા નથી | આ કાયદો સ્થાનિક નાયબ કલેક્ટરનાં સ્તર સુધી ઓછા ખર્ચે અને સમયસર વિવાદોનાં નિરાકરણને પ્રોત્સાહન આપે છે. |
| ખેડુતોને સમય પર ચુકવણી નહિ મળે | ખેડુતોને તે જ દિવસે અથવા ત્રણ દિવસની અંદર ચુકવણી કરવાની રહેશે |
| ખેડુત સંગઠનોને ફાયદો નહિ થાય | બધા ખેડુત સંગઠનોને ખેડુત માનવામાં આવશે અને તેમને પણ એટલો જ લાભ મળશે |
| ન્યુનતમ સમર્થન મૂલ્ય લાગુ નહિ રહે | ન્યુનતમ સમર્થન મૂલ્ય પહેલાની જેમ જ લાગુ રહેશે |
| ભારતીય ફુડ કોર્પોરેશન ખેડુતો પાસેથી ખરીદવાનું બંધ કરશે | ભારતીય ફુડ કોર્પોરેશન અને અન્ય સરકારી સંસ્થાઓ પહેલાની જેમ ખેડુતો પાસેથી ખરીદવાનું ચાલુ રાખશે |
| કૃષિ ઉત્પાદન બજાર સમીતી-મંડળીઓની બહાર કૃષિ પેદાશો વહેંચવા માટે ખેડુતોને પરવાનગી મેળવી જરૂરી હોય છે | ખેડુતો કોઈપણ પ્રકારની નોંધણી અને ટ્રાન્ઝેક્શન ફિ વગર સારી કિંમત આપનાર ખરીદદારને મંડળીની બહાર પેદાશો વહેંચી શકશે |
| ભવિષ્યમાં કૃષિ ઉત્પાદન બજાર સમિતી-મંડળીઓ બંધ થઈ જશે | મંડળી વ્યવસ્થા પહેલાની જેમ ચાલુ રહેશે |
| કાયદો રાજ્ય કૃષિ ઉત્પાદન બજાર સમિતી-મંડળીનાં અધિકારોને પ્રભાવિત કરે છે | કાયદો રાજ્ય કૃષિ ઉત્પાદન બજાર સમિતિ-મંડળીનાં અધિકારોને ઓછા કરતી નથી. આ કાયદો મંડળીની બહાર આંતરિક વ્યાપારની પરવાનગી આપે છે |
| કાયદો ખેડુતોની ચુકવણીને સુરક્ષિત નથી રાખતુ | કાયદો ખેડુતોનાં હિતોની સુરક્ષા માટે જરૂરી માર્ગદર્શન આપે છે |
| કાયદાથી કોર્પોરેટરો દ્વારા કૃષિ જમીનનું સંપાદન થશે | કાયદો ખેડુતોની જમીન તથા કાયમી માળખાનું હસ્તાંતરણ-સ્થળાંતર રોકે છે |

## પરામર્શ પ્રક્રિયા

- વિભિન્ન સરકારો દ્વારા ખેડુતોનાં મુદ્દાઓ પર હિસ્સેદારની સલાહ છેલ્લા બે દાયકાથી ચાલુ છે
- શ્રી શંકરલાલ ગુરુ હેઠળની નિષ્ણાંત સમીતી (૨૦૦૦)એ આવશ્યક ચીજવસ્તુ અધિનયમ,૧૯૫૫ને રદ કરવા સાથે, સિધા ક્રય વિક્રયને પ્રોત્સાહન અને ક્રય વિક્રયની વિસ્તરણ સેવાઓમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીનું સુચન કર્યુ હતુ
- આંતર-મંત્રાલય કાર્ય સમીતી (૨૦૦૨)એ માર્કેટીંગ સીસ્ટમનું પૂર્નજીવીકરણ, એ.પી.એમ.સી.એક્ટમાં સુધારા અને કરાર આધારીત ખેતીને પ્રોત્સાહન આપવાની ભલામણ કરેલ
- રાજ્ય સરકારો સાથે પરામર્શ કરીને કૃષિ માર્કેટીંગ અંગેનાં મોડેલ કૃષિ પેદાશ ઉપજ સમીતી અધિનિયમ ૨૦૦૩, મોડેલ કૃષિ ઉપજ સમીતી અધિનિયમ ૨૦૦૭માં તૈયાર કરવામાં આવેલ હતા
- મોડેલ કૃષિ ઉપજ સમીતી અધિનિયમ ૨૦૦૩, ૧૮ રાજ્યો દ્વારા સ્વીકારવામાં આવ્યો છે.
- રાષ્ટ્રીય કૃષિ આયોગે શ્રી એમ.એસ.સ્વામીનાથન (૨૦૦૬) હેઠળ એકીકૃત રાષ્ટ્રીય બજારને પ્રોત્સાહન આપવાની ભલામણ કરી હતી.
- વિસ્તૃત પરામર્શ માટે કૃષિ માર્કેટીંગનાં પ્રભારી રાજ્ય પ્રધાનોની સમીતી(૨૦૧૦)
- મોડેલ એ.પી.એલ.એમ.ની રચના અધિનિયમ ૨૦૧૭, માર્કેટનાં ટુકડાને દુર કરવા અને કૃષિ પેદાશ માટે રાષ્ટ્રીય બજારને પ્રોત્સાહન આપવા માટે થઈ હતી (પાંચ રાજ્યો દ્વારા સ્વીકારવામાં આવ્યા)
- ફાર્મ વટહુકમો (જુન-૨૦૨૦)ની જાહેરાત પહેલા રાજ્યો સાથે નિયમીત જોડાણ ચાલુ રાખ્યુ છે. એક રાષ્ટ્ર એક બજાર ની જાગૃતી માટે ખેડુત સમુદાયો, એફ.પી.ઓ. અને સરકારી મંડળને સંવેદનશીલ બનાવવા માટે વિસ્તૃત પગલા લેવામાં આવ્યા હતા.